# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 16-02-2025 DAY:SUNDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાષ્ટ્રીય રસીકરણ દિવસ

આજે દેશભરમાં રાષ્ટ્રીય રસીકરણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. રસીકરણના મહત્વ વિશે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 16 માર્ચે આ દિવસ ઉજવવામાં આવે છે. આરોગ્ય મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રના દરેક બાળકને સુરક્ષિત રાખવાના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે રસીકરણ એક મુખ્ય પરિબળ છે.

સંપૂર્ણ રસીકરણ કવરેજને ઝડપથી વધારવા માટે ૨૦૧૪માં દેશમાં મિશન ઇન્દ્રધનુષ શરૂ કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ બાળ મૃત્યુદર ઘટાડવાનો અને બાળકો માટે સંપૂર્ણ રસીકરણ કવરેજની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે.

રાજ્યમાં મિશન ઈન્દ્રધનુષના પાંચમાં તબક્કા હેઠળ વર્ષ 2023માં નવ લાખ 95 હજાર 395 બાળકો અને બે લાખ 25 હજાર 960 ગર્ભવતી મહિલાઓને રસી આપવામાં આવી હોવાનું ગાંધીનગર પરિવાર કલ્યાણ વિભાગના અધિક નિયામક ડૉક્ટર નયન જાનીએ જણાવ્યું હતું.

(બાઈટ : ડો નયન જાની )

-----------------------------------------------------------------------------------------

## સામખીયાળી રેલ્વે સ્ટેસન

અમૃત સ્ટેશન યોજનામાં સમાવેશ કરવામાં આવેલા સામખીયાળી રેલવે સ્ટેશનની ઈમારત એક વર્ષમાં તૈયાર થઇ જતા હવે ટૂંક સમયમાં ઉદ્ઘાટનનો તખ્તો ઘડાઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 26 ફેબ્રુઆરી 2024 ના રોજ વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી દેશભરમાં 554 રેલવે સ્ટેશનના પુન:વિકાસની પરિયોજના દેશને સમર્પિત કરાઈ હતી. જેમાં અમદાવાદ મંડળના 9 સ્ટેશનનો સમાવેશ કરાયો હતો. જે અંતર્ગત કચ્છના પ્રવેશદ્વાર એવા સામખીયાળી સ્ટેશનનું 13 કરોડ ૫૦ લાખના ખર્ચે નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાપર-ભચાઉના 200 કરતા વધારે ગામડાઓ આ રેલ્વે સ્ટેશન સાથે જોડાયેલા છે. હાલમાં સામખિયાળી ખાતેથી 50 ટ્રેન આવનજાવન કરે છે તેમાંથી 44 ટ્રેનો સ્ટોપ કરે છે.

હમસફર, ઇન્દોર અને દિલ્હી સરાઇ રોહિલ્લા એક્સપ્રેસને સામખિયાળી સ્ટેશન પર સ્ટોપ કરવામાં આવે તેવી માંગણી પણ કરાઈ છે.

---

## હિંગોરાવાંઢ પાંચ બાળકોની દફનવિધિ

અંજાર તાલુકાના દુધઈ ગામથી 5 કિમિ દૂર આવેલી હિંગોરજા વાંઢના 5 ભૂલકાઓ ગઈકાલે નજીકના ધમડકા-ભવાનીપુર ખાતેના ખરાડી તળાવમાં ડૂબી જતા તમામનું મોત થયું હતું. ગઈકાલે તમામના મૃતદેહો બહાર કઢાયા બાદ આજે દફનવિધિ કરવામાં આવી હતી. એક સાથે પાંચ બાળકોના જનાજા નીકળતા હિંગોરજા વાંઢ ધ્રુસકે ચડ્યું હતું. અંતિમવિધિમાં કચ્છભરમાંથી લોકો કાંધ આપવા પહોંચ્યા હતા. પાંચ બાળકોના મોતથી ગરીબ માલધારી પરિવારો ઉપર આભ તૂટી પડ્યું છે.

નાની એવી વસાહતના પાંચ બાળકો પોતાની ભેંસો કાઢવા તળાવે પહોંચ્યા હતા. આ દરમિયાન ન્હાવા જતા કે લપસી પડતા દુર્ઘટનાનો શિકાર બન્યા હતા. આ ગોજારા બનાવથી સમગ્ર કચ્છમાં  ઊંડા દુઃખની લાગણી ફેલાઈ છે.

--------------------------------------------------------------------------------

## સામખીયારી – મોરબી હાઈ વે - અકસ્માત

ભચાઉ તાલુકામાં સામખયારી-મોરબી હાઈવે પર ગંભીર અકસ્માત સર્જાયો છે. કટારીયા પાટિયા નજીક એક ટ્રેલર ઘેટાંના વગ પર ફરી વળતા 26 ઘેટાંના કરુણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટનામાં અન્ય 6 ઘેટાંને પણ ગંભીર ઈજાઓ થઈ છે.

અકસ્માત બાદ ટ્રેલર ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. સામખીયાળી પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. દુર્ઘટનાના કારણે કચ્છથી મોરબી તરફ જતો માર્ગ અવરોધાયો હતો. જેના પગલે હાઈવે પેટ્રોલિંગ ટીમે સ્થળ પર પહોંચી ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી.

--------------------------------------------------------------------------------

## રાપર – પાણી ની સમસ્યા

રાપર શહેર અને તાલુકામાં ઉનાળાની શરૂઆતમાં જ પાણીની સમસ્યા સર્જાઈ છે. નર્મદા કેનાલમાં સમારકામ અને સફાઈ કામ બાકી હોવાથી નર્મદા વિભાગે 30 માર્ચથી કચ્છની નર્મદા કેનાલમાં પાણી બંધ કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયથી રાપર તાલુકાના 97 ગામો અને 227 વાંઢ તેમજ ખડીરના 12 ગામો અને 17 વાંઢમાં પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જવાની આશંકા છે. જેનાથી રાપર શહેરની 40 હજારની વસ્તી અને 60 હજાર પશુઓ માટે પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

બીજી બાજુ, સ્થાનિક ખેડૂતોએ 15 એપ્રિલ સુધી કેનાલ ચાલુ રાખવામાં આવે તેવી માંગણી કરી છે.

--------------------------------------------------------------------------------

## લખપત

લખપત તાલુકાના છેવાડાના સરહદી વિસ્તારના દરિયા કિનારે વસેલા ગામોના રસ્તા ગાડાવાટથી પણ બદતર થયા હોવાથી નવા બનાવવાની માંગ ઉઠી રહી છે.

રોડાસર, લકી અને ગુવર ગામના સરપંચોએ  જણાવ્યું હતું કે, ગુવરથી દરિયા કિનારાના ગામોનો 20 કિ.મી. નો માર્ગ ખરાબ હાલતમાં હોવાથી  આ વિસ્તારમાં આવેલા બીએસએફ, આર્મીના કેમ્પો તેમજ આ 20 ગામોના રહેવાસીઓને હાલાકી વેઠવી પડે છે ત્યારે નવા માર્ગો બનાવવા સ્થાનિક લોકોએ માંગણી કરી છે.

---------------------------------------------------------------------------------------------

## પાવર પટ્ટી વિસ્તારમાં એરંડા ના પાક ઉત્પાદન ઘટાડો

વિષમ આબોહવાથી પાવરપટ્ટી વિસ્તારમાં એરંડાના પાક ઉત્પાદનમાં 25 %નો ઘટાડો થતા ખેડૂતોમાં ચિંતા ફેલાઇ છે.

પાવરપટ્ટી વિસ્તારમાં આ વર્ષે એરંડાનું મોટાપાયે વાવેતર થયું છે. સામાન્ય રીતે આ પંથકમાં આ પાક વર્ષમાં 1 વખત લેવાય છે, જેનું વાવેતર સારા વરસાદ બાદ સામાન્ય રીતે જુલાઈથી ઓગસ્ટ મહિનામાં થતું હોય છે.

નિરોણા સહિત આ પંથકના આસપાસના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ગત જુલાઇ અને ઓગસ્ટ માસમાં મોટાપાયે એરંડાનું વાવેતર કરાયું હતું. પરંતુ, આ વખતે ઠંડીનું પ્રમાણ વધારે રહેતા એરંડાના છોડ પર પૂરતા પ્રમાણમાં લુમો આવી નહીં અને પાછળથી લુમો આવી તેવામાં ફેબ્રુઆરી મહિનાથી જ ગરમી ચાલુ થતાં આ લુમોનો યોગ્ય વિકાસ થયો ન હોવાના કારણે તેની અસર ઉત્પાદન પર જોવા મળી રહી છે. આ પાકને સખ્ત ઠંડી તેમજ ખુબ જ ગરમ આબોહવા અનુકૂળ આવતી નથી. હાલ કાળઝાળ ગરમીના કારણે એરંડાની લુમો ઝડપથી પાકી રહી છે. સમગ્ર પંથકમાં એકસાથે લુમો પાકી જતાં ખેત મજૂરોની ભારે અછત ઊભી થઇ છે.

---------------------------------------------------------------------------------------------